શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૨૨
અંક : ૧

**૧૧. સાતત્યપૂર્ણ શહેરો અને સમુદાયો**

વર્ષ ૨૦30 સુધીમાં માનવ વસાહતોને સમ્મિલિત, સુરક્ષિત, પ્રતિરોધક અને સાતત્યપૂર્ણ બનાવવા.

૧૧.૧ તમામને પર્યાપ્ત, સુરક્ષિત અને પોષાય તેવા આવાસ તથા મૂળભૂત સુવિધાઓ વિસ્તારવી અને ઝૂંપડપટ્ટીની સ્થિતિમાં સુધારો સુનિશ્ચિત કરવો.

૧૧.૨ તમામ માટે સુરક્ષિત, પોષાય, પહોંચી શકાય અને સાતત્યપૂર્ણ તેવી પરિવહનને વિસ્તારીને સુધારો કરવો, જેમાં પીડિત સ્થિતિમાં રહેનારા લોકો, મહિલાઓ, બાળકો, વિકલાંગો અને વૃદ્ધોની જરૂરિયાતો પરત્વે વિશેષ ધ્યાન અપાય.

૧૧.૩ સમ્મિલિત અને સાતત્યપૂર્ણ શહેરીકરણ તથા સમાવિષ્ટ, અદ્યતન અને તમામ રાષ્ટ્રોમાં સાતત્યપૂર્ણ માનવ વસાહત આયોજન તથા સંચાલન માટેની ક્ષમતાનું સ્તર ઉંચુ લાવવું.

૧૧.૪ વિશ્વના સાંસ્કૃતિક અને કુદરતી વારસાને રક્ષિત અને સુરક્ષિત બનાવવાના પ્રયાસોને સઘન બનાવવા.

૧૧.૫ જળ સંબંધિત પ્રત્યક્ષ આર્થિક નુકસાનને નોંધપાત્ર સ્તરે ઘટાડવું અને અસરગ્રસ્ત લોકોની સંખ્યા અને મૃત્યુની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કરવો જેમાં સંપૂર્ણ ધ્યાન ગરીબો અને પીડિત સ્થિતિના લોકોના રક્ષણ પર કેન્દ્રિત કરાશે.

૧૧.૬ શહેરો પર વિપરિત માથાદીઠ પર્યાવરણીય અસરને ઘટાડવા માટે વાયુ ગુણવતા અને મ્યુનિસિપલ ઘનકચરાનું સંચાલનનો સમાવેશ કરવો.

૧૧.૭ સુરક્ષિત, સમાવિષ્ટ અને પહોંચી શકાય તેવી હરિયાળી જગ્યાઓ અને જાહેર સ્થળોએ લોકોને, ખાસ કરીને મહિલાઓ અને બાળકો, વૃદ્ધો અને વિકલાંગોને સુરક્ષિત, સમ્મિલિત વૈશ્વિક પહોંચ ઉપલબ્ધ કરાવવી.

૧૧.૮ શહેરી, અર્ધ શહેરી અને ગ્રામિણ વિસ્તારો વચ્ચેના હકારાત્મક આર્થિક, સામાજીક અને પર્યાવરણીય જોડાણોને સહાયભૂત થવું અને તે માટે રાષ્ટ્રીય તથા પ્રાદેશિક વિકાસ આયોજનને સુદ્રઢ બનાવવું.

૧૧.૯ સમાવેશીકરણ, સંસાધન કૌશલ્ય, એકત્રીકરણ અને કલાઈમેન્ટ ચેન્જને આત્મસાત કરવા, હોનારતો સામેની પ્રતિરોધકતા, સેન્ડાઈ ફ્રેમવર્ક ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડકશન ૨૦૧૫–30 ના અનુસરણમાં અદ્યતન નીતિઓ અને યોજનાઓને આત્મસાત કરીને તેનો અમલીકરણ કરનારા શહેરો અને માનવ વસાહતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો કરવો, તમામ સ્તરે ધરમૂળથી હોનારત જોખમનું સંચાલન કરવું.

૧૧.૧૦ અલ્પવિકસિત રાષ્ટ્રોને સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કરીને સાતત્યપૂર્ણ અને પ્રતિરોધક ઈમારતોના નિર્માણમાં નાણાકીય અને ટેકનિકલ સહાય સહિતની સવલતો પૂરી પાડવી.

**સંદર્ભ : સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેયો**

**સારા કાર્યમાં સો વિઘ્ન હોય છે, તેને સ્વીકારી લો.**

## ગ્રામ્ય કક્ષાએ ઘન કચરાનું વ્યવસ્થાપન

ભારત દેશનાં ગ્રામ્ય વિસ્તારમાં ઘર વપરાશથી ઉત્પન્ન થતાં કચરાની માત્રા દીન પ્રતિદીન વધતી જાય છે. અને તેનું સ્વરૂપ એ હદ સુધી પહોચ્યું છે કે પ્રતિદિવસ લગભગ ૩ થી ૪ લાખ મેટ્રીક ટન કચરો ઉત્પન્ન થાય છે. જેનાં કારણે પર્યાવરણને ભારોભાર નુકસાન થયેલ છે. જેથી માનવ જીવન ખુબ જ બદતર બન્યુ છે જેનાં ઉપાય તરીકે ગ્રામ્ય કક્ષાએ ઘન કચરાનું વ્યવસ્થાપન ખુબ જ જરૂરી બન્યુ છે. ઘન કચરાનાં વ્યવસ્થાપન માટે સરકારશ્રી દ્વારા ૧૯૯૭ થી જુદા જુદા કાર્યક્રમનો અમલવારીનો પ્રયત્ન કરેલ છે. જેમાં SWM, GCP, SSWM, WOW, ZWUM, G2G સોલીડ લીકવીડ રીસોર્સ મેનેજમેન્ટ કીચો ઘનકચરાનાં વ્યવસ્થાપનમાં ૧૬૯ જેટલી વસ્તુઓ એવી છે કે જે કયારેય સડતી નથી જેનો ફરી ઉપયોગ કરી શકાય છે. ૫૪ જેટલી વસ્તુઓ જે સડી શકે છે. અને માલ–ઢોરને ખવડાવી શકાય છે પરંતુ, ૧૫ જેટલી વસ્તુઓ એવી છે કે જેનો ફરી ઉપયોગ શકય નથી, ખાતર બની શકતું નથી અને પર્યાવરણને ભયંકર નુકસાન કરે છે. ઘન કચરો જે ભીના સ્વરૂપે છે તે કચરો ૧૨ કલાક સુધી રાખવામાં આવે તો દુર્ગંધ વગરનો રહે છે. ૨૪ કલાક સુધીમાં દુર્ગંધવાળુ અને કોહવાયેલુ બને છે. ૪૮ કલાક સુધીમાં ત્રાસદાયક ગંધાતો કચરો બને છે. અને ૭૨ કલાકથી વધુ સમય સુધીમાં જીવાત પડી જાય છે. અને રોગ ફેલાવવાનું શરૂ થાય છે. સામાન્ય રીતે કચરાને જમીનમાં દાટી દેવામાં આવે છે જેને 'લેન્ડ ફીલ સાઈટ' કહેવામાં આવે છે. પરંતુ આ પ્રકારની અવૈજ્ઞાનિક પદ્ધતિથી પણ કચરાનો રસ ઓગાળીને જમીનમાં જાય છે. જે જમીન અને પાણીને ભારોભાર નુકસાન કરે છે. અને આ કચરામાંથી મીથેન અને કાર્બન ડાયોકસાઈડ ઉત્પન્ન થાય છે જે પર્યાવરણને ભયંકર નુકસાન પહોચાડી શકે છે. માટે આવી સાઈટ વૈજ્ઞાનિક ધોરણે એટલે કે કચરો ઠાલવવાની જગ્યા ઉપર સૌપ્રથમ ગ્રેવલ (જીણી કપચી) પાથરવી અને કચરા ઉપર માટી રેતીનું સ્તર કરતાં રહેવાથી આવા કચરામાંથી ૪૫% જેટલું ખાતર મળી શકે. કચરામાંથી પ્લાસ્ટિકનો જથ્થો દૂર કરવો જોઈએ. ઘન કચરાનાં વ્યવસ્થાપનનો પ્રથમ નિયમ તો એ છે કે ઘરથી કચરાનું વ્યવસ્થાપન ઉભું કરવું એટલે કે ઓછામાં ઓછો કચરો ઉત્પન્ન કરવો, ઉપયોગ લાયક કચરાનો ફરી ઉપયોગ કરવો અને રીસાઈકલમાં લઈ શકાય તેવા કચરાને ઘરે જુદો પાડીને રાખવો અને કબાડી કે ભંગાર વાળાને આપવો. જાહેરમાં કચરો ફેકી દેવાની પ્રથા સદંતર બંધ કરવી જોઈએ. આવતાં અંકે ગ્રામ્યકક્ષાએ કચરાનું વ્યવસ્થાપન સામુહિક રીતે કંઈ રીતે કરી શકાય તેની વાત કરીશું.

– રમેશ સોલંકી

**પ્રિય વાચક મિત્રો,**

ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃતિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

**મૌન અને એકાંત આત્માના સર્વશ્રેષ્ઠ મિત્રો છે.**

## ચાઈલ્ડલાઈન ઓરીએન્ટેશન પ્રોગ્રામ

ચાઈલ્ડલાઈન પ્રોજેકટ અંતર્ગત ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન તા.૨૮/૦૧/૨૦૨૦ના રોજ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલી ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સૌ પ્રથમ શ્રીજી વિદ્યાલયના બાળકોના હસ્તે દીપ પ્રાગટયથી કરવામાં આવી. સંસ્થાના ડાયરેકટરશ્રી દ્વારા મહેમાનોનું શબ્દોથી સ્વાગત અને સંસ્થાનો ટૂંકો પરિચય આપવામાં આવ્યો. ચાઈલ્ડ લાઈન પ્રોજેકટ કોર્ડીનેટર રમેશભાઈ ચૌહાણ દ્વારા ચાઈલ્ડ લાઈન અંગેની ટૂંકી રૂપરેખા અને ચાઈલ્ડ લાઈન કાર્યક્રમનું સ્વૈચ્છીક સંસ્થા અને એલાઈડ સીસ્ટમની ભુમિકાની વિસ્તૃત માહિતી આપવામાં આવી. કાર્યક્રમને આગળ ધપાવતા સમાજ સુરક્ષા અધિકારીશ્રી સૈયદ સાહેબ દ્વારા જણાવાયું કે ચાઈલ્ડ લાઈન ટીમની કામગીરી પ્રસંશનીય છે, છતાં ગ્રામ્ય કક્ષા સુધી ચાઈલ્ડ લાઈન અંગે જાગૃતી ઉભી થાય એવું સૂચન કર્યુ. ચાઈલ્ડ લાઈન કાર્યક્રમ અંતર્ગત જીલ્લામાં કાર્યરત બાળ સૂરક્ષા ગૃહોની વિસ્તૃત માહિતી આપી. અને બાળકોની સુરક્ષા અંતર્ગત ચાઈલ્ડ લાઈનની ભુમિકા વિશે સ્પષ્ટતા કરી. તેમજ જીલ્લામાં અસુરક્ષિત બાળકોના સર્વે કરવા માટે એલાઈટ સીસ્ટમ સાથે સંકલન કરવા બાળ સુરક્ષા અધિકારીશ્રી વિશાલભાઈ જોષી દ્વારા જણાવવામાં આવ્યું. કાર્યક્રમનું વિસ્તૃત પ્રેઝેન્ટેશન શ્રી રમેશભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યુ. જેમાં બાળગૂન્હાઓ, બાળ અધિકાર અને સમાજની જવાબદારી અંગે જણાવ્યુ. કાર્યક્રમનો આગળનો દોર સીડબલ્યુસીના ભૂતપૂર્વ સભ્યશ્રી બીપીનભાઈ જોશી, બાળ સાહિત્યકાર રવજીભાઈ કાચા, સીડબલ્યુસીના સભ્ય દીપાબેન ચૌહાણ અને સંગીતાબેન દવે દ્વારા બાળકોના અધિકારો, તેની સુરક્ષા અને સંભાળ માટે ઉદાહરણ સાથે રજૂઆત કરવામાં આવી. અંતમાં કાર્યક્રમનું સમાપન પીયુ મેનેજરશ્રી નરેન્દ્રભાઈ પોકીયા દ્વારા આભાર વિધી સાથે કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન પ્રોજેકટ કો–ઓર્ડીનેટર ચાઈલ્ડ લાઈન રમેશભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યુ.



**અનુભવ જ્ઞાનનો પિતા છે અને યાદશકિત તેની માતા**

## પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અંતર્ગત કાર્યશાળા

આ યોજનાની શરૂઆત ૨૦૧૪ થી થઈ ત્યારે સરકારનો હેતુ હતો કે દરેક ખેડૂત સુધી પહોંચી અને દરેક ખેડૂતને આ યોજનાનો લાભ મળે તે હેતુસર આ યોજનાની શરૂઆત કરવામાં આવી. ધીમે ધીમે આ યોજનાનો વ્યાપ વધતો ગયો જેમાં ગુજરાતની અંદર આઈ ખેડૂત પોર્ટલ પર પ્રધાન મંત્રી ફસલ વીમા યોજનાની તમામ પ્રકારની માહિતીઓ ખુલ્લી મુકવામાં આવી. જેમાં કોઈપણ ખેડૂત પોતાના ખેતરને વીમા પાત્ર બનાવવા માટે કોઈપણ જગ્યાએથી ઈન્ટરનેટની સેવા દ્વારા આઈ ખેડૂત પોર્ટલ પરથી અરજી કરી શકે છે. આ અરજી કરવા માટે તમામ માહિતી ગુજરાતીમાં આવે છે, પરંતુ મુશ્કેલી એ પ્રકારની છે કે ઘણા ગામડાની અંદર આવી કામગીરી માટે કોઈ માણસ નથી. અને ખેડૂતને આવડતું નથી. જેથી દરેક ખેડૂતને એક ખાતેદારની અરજી કરવા માટે ૫૦ થી ૧૦૦ રૂપિયાનો ખર્ચ થઈ રહયો છે. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના એવું કહે છે કે જે લોકો ધિરાણ/લોન ઉપાડે છે તેમને પ્રીમિયમ ભરી શકાતું નથી. જે લોકો આ પ્રકારની ઓનલાઈન અરજી ના કરે તેના માટે બેન્કે તેમની અરજી કરવી પડે છે. જેની નુકશાની ઘણીવાર ખેડૂત ભોગવે છે કેવી રીતે તો કે બેન્ક જયારે અરજી કરે ત્યારે ખેડૂતે કયો પાક વાવેલ છે તે જાણ્યા વગર પાક નાખે છે. જેથી કોઈએ વાવેતર કરેલ હોય મગફળી અને કપાસ નાખે તો બંનેના પ્રીમિયમ અલગ અલગ હોય છે. જેની નુકશાની



**વાણીથી માણસનું ચારિત્ર, સંસ્કાર અને ઘડતર જાણી શકાય છે.**

પોતે ખેડૂત તો ભોગવે જ છે, પણ વીમા કંપનીઓ પણ આ પ્રકારના ખેડૂતોનો લાભ લે છે. જેમ કે અમરેલી તાલુકાની અંદર વાવેતર વિસ્તાર મગફળીનો એક લાખ હેકટર છે. અને પ્રીમિયમ આવે છે બે લાખ હેકટરનું એ જ રીતે કપાસમાં પણ બને છે જેથી જયારે ખેડૂતનો પાક નિષ્ફળ જાય અને વીમો ચૂકવવાનો થાય ત્યારે વીમા કંપની એવા પ્રશ્નો કરે છે કે વાવેતર વિસ્તાર જે પાકનો છે તેનું પ્રીમિયમ ભરાયેલ નથી જે પાક નથી તેનું પ્રીમિયમ ભરાયેલ છે તો વીમો કેવી રીતે આપવો. પાક વીમો નકકી કરવાના ધારા ધોરણો દરેક તાલુકા દીઠ ૧૬ પાક કાપણીના અખતરાઓ લેવામાં આવે છે. અને તેની એવરેજ કાઢવામાં આવે છે અને તેને હેકટર દીઠ ઉપજના આધારે પાક વીમાના દાવો નકકી કરવામાં આવે છે. તાતણીયા અને ઈંગોરાળા ગામે પીએમએફબીવાયની કાર્યશાળાઓ યોજાઈ. જેમાં ઉપરોકત માહિતી આપવામાં આવી હતી. ધીરૂભાઈ વાગડીયા એ સંસ્થાની પ્રવૃતિઓ અને સામાજીક બાબતોને ધ્યાનમાં રાખી ખેડૂતો સાથે ચર્ચા કરી જેમાં ખેતીની આવકમાંથી પરિવારની તમામ જરૂરિયાતો પૂર્ણ થતી હોય તો ખેતી કરવી ગમે. પ્રવીણભાઈ જાલંધરા દ્વારા આ વિસ્તારના ખેડૂતો સાથે કપાસની ખેતીની ચર્ચા કરવામાં આવી ત્યારબાદ ચાઈલ્ડ લાઈનના ટીમ મેમ્બર ધારા જોગાણી અને જીજ્ઞાશા ગરણીયા ૦ થી ૧૮ વર્ષના બાળક કોઈપણ મુશ્કેલીમાં હોય ત્યારે ઈમરજન્સી સેવા માટે ૧૦૯૮નો સંપર્ક કરી પોતાની સુરક્ષા કરી શકે છે જેવા આથીક અને સામાજીક મુદાઓ પર વિસ્તૃત ચર્ચા કરી અને મીટીંગને પૂર્ણ જાહેર કરવામાં આવી.

**– નરેન્દ્ર પોકીયા**



***હળવાશથી કહેશો તો કોઈની જોડે કડવાશ નહિ થાય.***

## દેશી ખાતર માટે વરદાનરૂપ માધ્યમ બેક્ટેરીયાનું મહત્વ

મારુ નામ રમેશભાઈ નારણભાઈ ચાંદોરા છે. હું ઉના તાલુકાના કંસારી ગામનો રહીશ છું. મારા ઘરમાં કુલ ૬ સભ્યો છે. જેમાં મારા બે સંતાનો અભ્યાસ કરે છે. મારો અભ્યાસ ૧૦ પાસ સુધીનો છે. હું અને મારું પરિવાર ખેતી કરીએ છીએ. હું ૭ વીઘા જમીનમાં વાવેતર કરું છું. ખેતીમાં મુખ્યતવે કપાસ, મગફળી, એરંડા, તુવેર વગેરે જેવા પાકોનું વાવેતર કરીએ છીએ.

દર વર્ષે ખેતીમાં ખાતરોનો ઉપયોગ કરું છું. જેમાં રાસાયણિક અને દેશી ખાતર ઉપયોગમાં લેવાય છે. હું પહેલા રાસાયણિક ખાતર વધારે વાપરતો હતો. તેમજ મારે ૭ પશુઓ છે જેનું મળ, મુત્ર, ખેતરનો અન્ય કચરો એક ઉકરડામાં ભેગો કરી સડવા રાખી દેતો હતો. આ ખાતર ૬ મહિના કરતા વધારે સમયે અડધું સડેલું નીકળતું અને તેનો ઉપયોગ કરતો હતો. આવા દેશી ખાતરના ઉપયોગના કારણે મગફળીના પાકમાં મુંડા જીવાતનું પ્રમાણ વધારે જોવા મળતું હતું. આના જ કારણે રાસાયણિક ખાતરનો ઉપયોગ વધારે કરતો હતો. વધારે રાસાયણિક ખાતર જમીન માટે નુકસાન કારક છે એવું જાણવા છતાં હું તેનો ઉપયોગ કરતો હતો. ઉપરાંત દેશી ખાતરનું પરિણામ પણ મળતું હતું નહિ.

હું ૨૦૧૫ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલી સંસ્થા દ્વારા ચાલતા બીસીઆઈ પ્રોજેક્ટમાં જોડાયેલો છું. જેમાં મને દરેક પાકોની તાલીમો મળે છે અને હું તમામ તાલીમોમાં હાજરી આપું છું. આ તાલીમ દરમિયાન ઉપર જણાવ્યા મુજબ મને મનમાં રહેલો પ્રશ્ન મેં સંસ્થાના કાર્યકરને પૂછયો હતો. તેના વિશે દેવાભાઈ ચુડાસમાએ મને જણાવ્યું કે આપનો પ્રશ્ન યોગ્ય છે અને તેનું સમાધાન પણ છે. મેં પૂછયું શું છે સમાધાન? તેઓએ જણાવ્યું કે જો ઉકરડાના ઉપયોગમાં લેવાયેલો કચરો સેડાવવો હોઈ તો તેના માટે જરૂરી બેક્ટેરીયા હોવા જરૂરી છે માટે સૌ પ્રથમ ઉકરડા માટે ઉંડો ખાડો બનાવવો જરૂરી છે. આ જગ્યા છાંયડે હોવી જોઈએ તેમજ કચરો નાખ્યા બાદ ભેજ પણ આપવો જરૂરી છે. અને તેને ઉથલાવવું પણ જરૂરી છે. જો આવી પદ્ધતિ દ્વારા દેશી ખાતર બનાવવામાં આવે તો ઝડપથી ખાતર બની જાય છે અને ખાતર સડાવવા માટેના બેક્ટેરીયા પણ વધારે ઉત્પન્ન થાય છે.

મેં પૂછયું કે શું બીજી કોઈ પદ્ધતિ પણ છે કે જેનાથી ખુબ ઝડપી અને સારું દેશી ખાતર મળે ? તેઓએ જણાવ્યું કે હા ઉપર જણાવ્યા મુજબની પદ્ધતિઓ છે જ પરંતુ બજારમાં માધ્યમ નામના બેક્ટેરીયા પણ મળે છે. તેમજ ટ્રાઈકોડરમા નામની ફૂગ પણ મળે છે. જેના ઉપયોગથી કચરાનું વિઘટન ખુબ ઝડપથી થાય છે. અને સારી

**તકલીફ પરિસ્થિતિથી નહિ, વિચારોથી થાય છે.**

ગુણવતાવાળું દેશી ખાતર વહેલા પ્રાપ્ત થાય છે તેમજ આવું ગુણવતાવાળું ખાતર વાપરવાથી મુંડા જેવી જીવાતો પણ આવશે નહિ અને રાસાયણિક ખાતરો પણ ઓછા વાપરવા પડશે. આ જાણતાની સાથે જ મેં પૂછયું કે આ બેકટેરીયા અને ફૂગ કયાંથી મળી રહેશે? તેઓએ જણાવ્યું કે બજારમાં આ સહેલાઈથી મળી રહે છે. જો ના મળે તો અમારો સંપર્ક કરવો અથવા ખેડૂતોની પોતાની કંપની સોરઠ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપની લીમીટેડ ધોકડવાનો સંપર્ક કરવો. પરંતુ તેઓએ જણાવ્યું કે આ વર્ષે (૨૦૧૯–૨૦) સંસ્થા દ્વારા ૧૦૦ ખેડૂતો સાથે માધ્યમ બેકટેરીયા અને ટ્રાઈકોડર્માના નિદેર્શમાં કરવાના છે જેમાં રસ ધરાવતા ખેડુતો જોડાઈ શકે છે. આ સાંભળતા જ મેં હા પાડી અને મારે ત્યાં દેશી ખાતરનું નિદર્શન કરવામાં આવ્યું. જેમાં મને ૩ કે.જી. માધ્યમ અને ૧ કે.જી. ટ્રાઈકો આપવામાં આવ્યું હતું.

મને આપેલું માધ્યમ અને ટ્રાઈકો મેં ઉપયોગમાં લીધુ હતું અને તેને કઈ રીતે ઉપયોગમાં લેવું તેની સંપૂર્ણ માહિતી સંસ્થાના કાર્યકર દેવાભાઈ એ મારી સાથે રહી પૂરી પાડી હતી. જેમાં સૌ પ્રથમ મેં મારા ઉકરડા માટે ઉંડો ખાડો કર્યો હતો અને ત્યારબાદ કચરાના થર બનાવીને માધ્યમને ઓગાળી તેના પર છંટકાવ કર્યો હતો અને ટ્રાઈકોનો છંટકાવ પણ કર્યો હતો. ત્યારબાદ ઉકરડાને પુરતો ભેજ મળી રહે તે માટે પાણીનો છંટકાવ કરતો હતો અને નિરીક્ષણ કરતો હતો. જયારે ૪૫ દિવસ પછી જોયું તો ઉકરડામાં સંપૂર્ણ કોહવાયેલું ગુણવતાવાળું દેશી ખાતર તૈયાર હતું. આ જોઈ વિશ્વાસ ના થયો પણ તે સાચું હતું. પહેલા ઉકરડામાં ૬ મહીને પણ ખાતર તૈયાર થતું ના હતું અને જે થતું હતું તે પુરતું કોહવાયેલું પણ ન હતું અને માધ્યમ અને ટ્રાઈકોનો ઉપયોગ કર્યા બાદ ખાતર ૪૫ દીવસે તૈયાર થઈ ગયું એ પણ સારી ગુણવતા વાળુ.

આ પદ્ધતિ દ્વારા મને સારો એ ફાયદો થયો છે અને મારી સમસ્યાનું સમાધાન પણ થયું છે. મને આ વર્ષે નિદર્શનની તક મળી પરંતુ હવે પછી દર વર્ષે હું ઉકરડો સડાવવા માધ્યમ અને ટ્રાઈકોનો ઉપયોગ કરીશ. તેમજ બીજા ખેડૂતોને પણ હું ઉપયોગ કરવાની ભલામણ કરીશ. આ બાબતે કોઈ જાણકારી જોઈતી હોઈ તો નીચે મારા નંબર પણ આપવામાં આવ્યાં છે. જેમાં આપ સૌ કોલ કરી શકો છો. આ તકે હું શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલી, સીએસપીસી, આઈએનજીજે ૨૭ પીયુ ધોકડવા અને સ્ટાફનો આભાર વ્યકત કરું છું કે એટલી સારી પદ્ધતિથી મને માહિતગાર કર્યો.

રમેશભાઈ નારણભાઈ ચાંદોરા, કંસારી,
તા. ઉના, મો.૯૪૨૯૩૭૫૨૯૩
લેખન અને સંકલન : ભરત શીંગડ

## Happy Birthday

| | |
|---|---|
| Ramesh Chauhan | 09.02.1986 |
| Ankit Kathiriya | 11.02.2000 |

## In this month

| | |
|---|---|
| 1-6 | Visit of External Consultant for Assessment of FPCs (Jafrabad, Sorath and Avirat) |
| 8 | PMFBY workshop at Tatniya |
| 9 | Invester education program for FPOs by NCDEX |
| 10 | PMFBY workshop at Ingorala. |
| 11 | NGO+ Session 4 webinar by Give India |
| 11 | Evaluation meeting Amreli office |
| 13 | Quarterly review of GAP incentive programme. |
| 14 | Attend Silver Jubeli celebration at Shaishav, Bhavnagar. |
| 20-21 | Training plan on LEP level-2 at Unnati, Bhachau. |
| 29-30 | Entrerise workshop at Khambha. |
| 28 | Childline orientation programme at Amreli. |
| 31 | Sorath agricultural producer company's board meeting. |

### એક રમૂજ થેરાપી

યુવાન અને વાણીયો

એક યુવાને વાણિયાને લાફો માર્યો.

**વાણિયો :** એ ભાઈ મને વાંક વગર લાફો કેમ માર્યો??..

**યુવક :** તમે તો કયારેય વાક માં ના આવો તો શું અમારે નવરા બેસી રહેવાનું?

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**તમારી મર્યાદા એ ફકત તમારી માન્યતા છે.**